કરાર આધારીત ફિક્સ પગારે નિમણૂંક પામેલ
મહિલા કર્મચારીને પ્રસુતિની રજા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
પરિપત્ર ક્રમાંક : રજઅ/૧૦૨૦૧૪/યુઓ-૨/પી
સચિવાલય, ગાંધીનગર
તા. ૧૦-૦૬-૨૦૧૪

વંચાણે લીધા :

૧. નાણા વિભાગનો તા. ૧૬-૦૨-૨૦૦૬નો ઠરાવ ક્રમાંક : ખરચ/૨૦૦૨/૫૭/ઝ૧

૨. સામાન્ય વહીવટ વિભાગનો તા. ૦૪-૦૬-૨૦૦૯ ઠરાવ ક્રમાંક : સીઆરઆર/૧૧૨૦૦૮/૪૩૩૪૧૭/ગ.૫

૩. ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો ૧૯૬૭ના નિયમ૯-A

પરિપત્ર :

ઉપર્યુક્ત વંચાણ હેઠળના ક્રમાંક (૧) સામેના સરકારશ્રીના નાણા વિભાગના તા. ૧૬-૦૨-૦૬ના ઠરાવથી રાજ્ય સરકારમાં વર્ગ-૩ અને વર્ગ-૪ ના તમામ સંવર્ગોમાંની જગ્યાઓ ઉપર સીધી ભરતીની નિમણૂંકો ફિક્સ પગારથી કરવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે. જયારે વંચાણ હેઠળના ક્રમાંક (૩) સામેના ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ના નિયમ ૯-A ની જોગવાઈઓને આધિન વર્ગ-૩ અને વર્ગ-૪ની જગ્યા ઉપર કરાર આધારે ફિક્સ પગારે નિમણૂંક આપવામાં આવે છે. આ અંગેની કરારની શરતો અને બોલીઓ વંચાણમાં લીધેલ ક્રમાંક (૨) સામેના સામાન્ય વહીવટી વિભાગના તા. ૦૪-૦૬-૨૦૦૯ના ઠરાવથી નિયત કરવામાં આવે છે. આ શરતો અને બોલીઓ અનુસાર સીધી ભરતથી ફિક્સ પગારે નિમણૂંક મેળવનાર કર્મચારીને કરારીય સમયગાળા દરમિયાન વાર્ષિક ધોરણે ૧૨ પરચૂરણ રજાઓ મળવાપાત્ર થશે તેમજ મહિલા કર્મચારીને ગુજરાત મુલ્કી સેવા (રજા) નિયમો, ૨૦૦૨ ના નિયમોની જોગવાઈ મુજબ પ્રસ્તુતિ રજા મળવાપાત્ર થશે તેમ જણાવેલ છે. તેમ છતાં આ રીતે કરાર આધારિત ફિક્સ પગારે નિમણૂંક પામેલ કેસો રજૂ થતા હઓઈ, તે સંદર્ભે નીચે મુજબની સ્પષ્ટતા બહાર પાડવામાં આવે છે.

નાણા વિભાગના તા. ૧૬-૦૨-૨૦૦૬ તથા તા. ૦૪-૦૬-૨૦૦૯ ના ઠરાવોની શરતોને આધિન નિમણૂંક પામેલ મહિલા કર્મચારીને ગુજરાત મુલ્કી સેવા (રજા નિયમો) ૨૦૦૨ ના પ્રસૂતિ રજા નિયમો મુજબ રાજ્ય સેવાના કર્મચારીઓ/અધિકારીઓને મળવાપાત્ર થતી પ્રસૂતિ રજાના ધોરણે જ પ્રસ્તુતિ રજા મળવાપાત્ર થશે.

આ સ્પષ્ટતા આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સામાન્ય વહીવટ વિભાગની તા. ૩૧-૦૫-૨૦૧૪થી મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(બી. એસ. મિસ્ત્રી)
સેકશન અધિકારી
નાણા વિભાગ